

## સુપ્રસિદ્ધ શામળાજી મંદિરમાં મહાસુદ પૂનમે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું

ગુજરાતના જાણીતા મંદિરોમાં આગવું સ્થાન ધરાવનાર સુપ્રીધ્ધ યાત્રાધામ શામળાજીમાં મહાસુદ પૂનમ (માઘ પૂર્ણિમા) હોવાથી વહેલી સવારથી ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. ધાર્મિક ગ્રંથોમાં માઘ માસનું વિશેષ મહત્વ છે. મઘા નક્ષત્ર પરથી માઘ મહિના તરીકે ઓળખાતી આ પૂર્ણિમા આ વર્ષે વિશેષ સંયોગ લઈને આવી છે. પુણ્ય નક્ષત્ર હોવાથી ભગવાન વિષ્ણુનું પૂજન-પાઠ, જપ, તપ, વ્રત કરવાનો વિશિષ્ઠ મહિમા હોવાથી શામળાજીમાં બિરાજમાન કાળીયાઠાકોરના દર્શનાર્થે ભારે ભીડ ઉમટી હતી. સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં મહાસુદ પૂનમે રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ભગવાન શામળિયાના દર્શનાર્થે ઉમટ્યા હતા. હાલ અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ને સિક્સલેનમાં પરિવર્તિત કરવાનું કામકાજ ચાલતું હોવાથી ભારે ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા હતા. શામળાજી પોલીસે ટ્રાફિક હળવો કરવા આખો દિવસ સતત મથામણ કરતી નજરે પડી હતી.

# બનાસકાંઠાના આદિવાસી સમાજે સરકાર સામે વિરોધ જતાવ્યો

### અન્ય જાતિના લોકોને આપેલો અનુસૂચિત જાતિનો દરજ્જો રદ નહિ થાય તો ઉગ્ર આંદોલનની ચિમકી

બનાસકાંઠાના આદિવાસી સમાજ દ્વારા ગુરૂવારે પાલનપુરમાં વિશાળ રેલી યોજી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં સરકાર દ્વારા અન્ય જાતિના લોકોને આપેલો અનુસૂચિત જાતિનો દરજ્જો રદ નહિ થાય તો ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.


બનાસકાંઠા જિલ્લાના અંબાજી, દાંતા અને અમીરગઢ વિસ્તારમાં વસવાટ કરતાં આદિવાસી સમાજના લોકો પોતાને થયેલા અન્યાય સામે રજુઆત કરવા મોટી સઁખ્યામાં ઉમટી પડ્યા હતા. અને વિશાળ રેલી યોજી હતી. રેલીમાં જય આદિવાસી જય જોહાર... દેખો દેખો કોન આયા જંગલ કા શેર આયા જેવા લખાણો ધરાવતાં બેનરો પ્રદર્શિત કરાયા હતા. અને ભારે સૂત્રોચ્ચાર કરવામાં આવતાં ક્ષણિક ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. આ અંગે તેમણે જિલ્લા કલેકટર સંદીપ સાંગલેને આવેદન આપી રજુઆત કરી હતી. આવેદનપત્ર આપતી વખતે દાંતાના કોંગી ધારાસભ્ય કાંતિભાઈ ખરાડી સહિત મોટી સઁખ્યામાં સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# ખેડબ્રહ્મા ટાઉનમાંથી સ્ટેટ મોનીટરીંગ સેલે બુટલેગરને બાથરૂમમાંથી ઝડપ્યો

ખેડબ્રહ્મા શહેરમાં રવિવારના રોજ ગાંધીનગરથી સ્ટેટ મોનીટરીંગ સેલની ટિમ ત્રાટકી હસ્તી જેને એક બુટલેગરને ઘરે છાપો મારતા દારૂનો જથ્થો ઝડપી બાથરૂમ માં સંતાયેલા બુટલેઘરને દબોચી લીધો હતો.

દારૂની બદી સામે ગુજરાત સ્ટેટ મોનિટરિંગ પ્રોહી ડાઈવ મા ખેડબ્રહ્મા બસ સ્ટેશન વિસ્તારમાં હતી ત્યારે બાતમી મળી હતી કે દેવી નગરમાં સુશીલ ઓમપ્રકાશ કલાલ પોતાના માલિકીના ઘર, વાહન અને દુકાનમાં ગેરકાયદેર દારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે જેથી પોલીસે તેના ઘરે છાપો મારતા તેની માતાએ દરવાજો ખોલી સુશીલ ઘરે ન હોવાનું જણાવ્યું હતું પરંતુપોલીસ પાસે પાકી બાતમી હોઈ ઘરમાં તપાસ કરતા બાથરૂમમા સંતાઈ ગયેલ સુશીલને દબોચી લીધો હતો અને ઘરમાં તપાસ કરતાં કંઈ ના મલી આવતા બહાર પાર્ક કરેલ



એક્ટિવ નં. જી.જે.૧.ઈઝેડ, ૬૭૩૭ ની ડીકીમાંથી ૧૬ દારૂની બોટલો અને એક વહીસ્કીની બોટલ મળી આવી હતી અને વધુમાં તપાસ કરતા હરણાવ નદી નાં પુલ ના છેવાડા વિસ્તારમાં આવેલ અર્બુદા કોમ્પ્લેક્ષ પાછળ ના ભાગે દુકાનમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો જેથી પોલીસે પાસ પરમીટ માગતા ન હોઈ બિન અધિકૃત રીતે દુરુનું વેચાણ કરતો હોય સુશીલને ઝડપી પાડ્યો હતો. જ્યારે દુકાન ભાડે આપનાર રાજુ મારવાડી પ્રજાપતિ પ્રજાપતિ સોસાયટી, અને મહાદથી દારૂ લાવેલ તે ઈસમ નાથુ ખટીક વિરુદ્ધ ગુન્હો નોંધો હતો. રેડ માં પોલીસ ૧૩૬ નંગ બોટલ કિંમત રૂપિયા ૩૭૭૭૫ એકટીવા કિંમત રૂપિયા ૧૫૫૦૦, ૨ મોબાઈલ ૩૫૦૦ મળી કુલ ૫૬૨૭૫ ના મુદ્દામાલ સાથે સુશીલ ને જેલ હવાલે કરી દીધો હતો અન્ય બે ઈસમો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

## પાલનપુરમાં ખાનગી પ્રેક્ટિસ કરતા ઝડપાયેલા સરકારી તબીબ સામે પોલીસ ફરિયાદ

સરહદી બનાસકાંઠા જિલ્લામાં બોગસ તબીબોનો રાફડો ફાટયો છે. ત્યારે જિલ્લા આરોગ્ય અધિકારી ડો.મનીષ ફેન્સીએ બોગસ તબીબો સામે લાલ આંખ કરી છે. જેને પગલે જિલ્લામા અત્યાર સુધીમાં દસ જેટલા બોગસ તબીબો ઝડપાઈ ચૂકયા છે. દરમિયાન પાલનપુરમાં ખાનગી પ્રેક્ટિસ કરતા એક સરકારી તબીબ રંગેહાથ ઝડપાઈ ગયા હતા. જેની સામે આજે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે આ તબીબ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સામઢી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ડો. અજય જશવંતભાઈ મહેતા કે જેઓ સરકારી તબીબ હોવા છતાં પાલનપુર ખાતે પોતાનું પ્રાઈવેટ ક્લિનિક ચલાવી ધીકતી પ્રેક્ટિશ કરતા આરોગ્ય અધિકારી ડો.મનીષ ફેન્સીની ઓચિંતી રેડમાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા. સરકારી તબીબ હોવા છતાં ખાનગી પ્રેક્ટિસ કરી સરકારી ધારાધોરણનો ભંગ કરી જાહેરમાં મેડિકલ વેસ્ટનો નિકાલ કરી પર્યાવરણને નુકસાન કરતા હોઈ તેઓ સામે પાલનપુર બ્લોક હેલ્થ ઓફિસર ડોક્ટર ડી.પી. અનાવાડીયાએ પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોધાવતા પોલીસે સરકારી તબીબ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અરવલ્લી આંજણા ચૌધરી સમાજનો સતત સાતમો સપ્તપદી સમૂહ લગ્નોત્સવ ભેંસાવાડા યોજાયો

અખિલ આંજણા ચૌધરી સમાજ અરવલ્લી નો સાતમો સપ્તપદી સમૂહ લગ્નોત્સવ અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ભેંસાવાડા ખાતે યોજાયો હતો.જેમાં ૧૦ યુગલો એ દામ્પત્ય જીવનની શરુઆત કરી હતી. અરવલ્લી આંજણા ફાઉન્ડેશન ધ્વારા આ સમૂહ લગ્નોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું.વર્તમાન સમયની સૌથી વધુ માંગ છે સમૂહ લગ્નોત્સવ.સમૂહ લગ્નોત્સવઆઠ ફાયદા તો સીધા થાય છે. સમય, અર્થ, સુખ, સમર્પણ, સંગઠન, સાહસ, શિક્ષા અને સામાજિક સમરસતા વધે છે. સમૂહ લગ્નોત્સવની થેરોપીથી પણ સમાજની તબિયત સુધરતી હોય છે. એ સિવાય અપ્રત્યરૂપે ઘણા લાભ સમૂહ લગ્નોત્સવમાં થાય છે. મુઠ્ઠી ભર ચેતનાઓએ આજથી સાત વર્ષ પહેલાં સમૂહ લગ્નોત્સવ નો પ્રારંભ કર્યો હતો.સમાજનો બહોળો પ્રતિસાદ મળતાં અરવલ્લી આંજણા ફાઉન્ડેશનના નેજા હેઠળ આયોજીત સાતમો સપ્તપદી સમૂહ લગ્નોત્સવ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ને રવિવારના રોજ ફુલ ગુલાબી માહોલમાં અને વસંતી વાયરાઓની સાક્ષીમાં ભેંસાવાડાની પાદરમાં સંગીતમય અને હજારો સમાજજનોની હૂંફાળી હાજરીમાં યોજાયો હતો.આંજણા ફાઉન્ડેશન ના યુવાઓ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ સમૂહલગ્નોત્સવ મા ૧૦ યુગલો રેશમ ગાંઢે ગૂંથાયા હતા.આ સમૂહલગ્નોત્સવ માં ૧ લાખ સ્કે. ફુટનો મંડપ બાંધવામાં આવ્યો હતો.પ્રકાંડ બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર,જાનૈયાઓનું સંગીતના સથવારે અને ૧૫ હજાર લોકોનો જમણવાર રાખવામાં આવ્યો હતો.સ્વયં સેવકો એ સુંદર કામગીરી કરી હતી.ભોજનને ટેબલ સુધી પહોંચાડવાની, ટ્રાફિક શિસ્તને જાળવવા ચૂનાની માર્કિંગ, દિવ્યાંગો અને સિનીયર સિટીઝન માટે વ્હીલ ચેર, દૂધપીતાં બાળકો માટે ઘોડિયાઘર અને મેડીકલની ટીમ અને અગ્નિશામક દળની વ્યવસ્થા કરવામાં આવી હતી.અરવલ્લી આંજણા ફાઉન્ડેશન ધ્વારા આ સમૂહ લગ્નોત્સવ નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.



# શ્રી મોહનપુર જાગાસ્વામી સમાજના સમૂહ લગ્નોત્સવમાં સાત નવદંપતીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં રવિવારે હિંમતનગરમાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સામે આવેલ શ્રી મોહનપુર જાગાસ્વામી સમાજવાડીની બાજુમાં શ્રી મોહનપુર જાગાસ્વામી પરિવાર અને યુવક મંડળ દ્વારા ૧૨મો સમૂહલગ્નોત્સવ યોજાયો હતો. જેમાં સાત નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા તો સમાજ અને સમાજ બહારના દાતાઓ ૪૧ જેટલી ભેટ સોગાદો આપી હતી. હાલમાં ચાલી રહેલ હેલ્મેટ ફરજીયાત અને તેને લઈને રાજ્ય સરકાર પર અસમંજસમાં છે ત્યારે હેલ્મેટ પહેરવાથી જીવ બચે છે સાથે ટ્રાફિકનું પાલન પણ થાય છે જેને લઈને એક દાતાએ સાત નવદંપતિઓને હેલ્મેટ ભેટમાં આપ્યા હતા. સમૂહ લગ્નોત્સવને લઈને ફ્રી ડાયાબીટીસ, બ્લડપ્રેસર ચેકઅપ અને રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦થી વધુએ ચેકઅપ કરાવ્યું હતું. ૧૦થી વધુ બોટલ રક્તદાન સમાજના લોકોએ કર્યું હતું. આ સમુહ લગ્નોત્સવને સફળ બનાવવા સમાજના ઘનશ્યામભાઈ, વિનોદભાઈ, પોપટભાઈ, શૈલેષભાઈ સહીત અગ્રણીઓ અને લગ્નોત્સવ સમિતિના હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.



# પાલનપુરના માલણ ગામના વેપારીનું અપહરણ કરી લૂંટ

પાલનપુર

પાલનપુર તાલુકાના માલણ ગામના ઘોડાના વેપારીનું ચાર શખ્સોએ કુંભાસણ ગામ નજીકથી અપહરણ કર્યું હતું. અને રૂપિયા ૪૫૦૦૦ રોકડા, રાડો ઘડિયાળની લૂંટ કરી રૂપિયા પાંચ લાખની માંગણી કરી છોડી મુક્યા હતા. આ અંગે તેમણે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે ચાર શખ્સોને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુરપંથકમાં બનેલી ચકચારી બનેલી અપહરણની ઘટનાની પ્રાપ્ત થતી વિગતો મુજબ માલણ ગામના લાલાભાઈ ઘોડાના વેપાર સાથે સંકળાયેલા છે. જેઓ પાલનપુર તાલુકાના કુંભાસણ નજીકથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે ચાર શખ્સોએ વાહનમાં તેમનું અપહરણ કર્યું હતું. અને રૂપિયા ૪૫૦૦૦ રોકડા, રાડો ઘડિયાળની લૂંટ કરી રૂપિયા પાંચ લાખની માંગણી કરી છોડી મુક્યા હતા. આ અંગે તેમણે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે મુખ્ય આરોપી સોહિલખાન ઠાકરખાન ઘાસુરા, અહેમદખાન અનવરખાન ચૌહાણ, ઈમરાનખાન જમસેદખાન ચૌહાણ અને જાવેદખાન જાફરખાન ઘાસુરાને ઝડપી લીધા હતા. આ અંગે ગઢ પોલીસ મથકે ગૂનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## રાષ્ટ્રને જાતિવાદથી મુક્ત કરવા માટે સહાયક શોર્ટ ટેલી ફિલ્મ "જલતે દિયે" યુ.એસ.માં વિજેતા



ટોપ ઈન્ડિયન ફિલ્મ એવોર્ડ (ટીફા) યુએસએમાં અરવલ્લી જિલ્લામાં બનેલ શોર્ટ ફિલ્મ " જલતે દિયે "બેસ્ટ મેસેજ" માટે વિજેતા બની છે. પ્રયોજન સંસ્થાન પ્રસ્તુત શોર્ટ ફિલ્મનું નિર્માણ અને દિગ્દર્શન અરવલ્લી સામાજીક સમરસતા સમિતિના સંયોજક ચંદ્રકાન્ત પટેલ દ્વારા થયેલ છે. આગામી જાન્યુઆરી ૨૦૨૧માં જાપાનના ટોક્યોમાં ટીફા એવોર્ડ સમારોહમાં પણ આ શોર્ટ ફિલ્મનું નોમીનેશન થયું છે. ફિલ્મ દરેક સમાજના લોકોમાં વધી રહેલું અંતર ઘટાડશે અને બધા જ સમાજના લોકો એક મેક બનીને રહે તે માટે સહાયક બનશે. શોર્ટ ટેલીફિલ્મ બનાવનાર મોડાસાના ચંદ્રકાન્ત પટેલે જણાવ્યું હતું કે આપણો દેશ ઋષિમુનિઓનો દેશ છે કે જેમને મહામૂલા અનેક શાસ્ત્રો આપ્યા છે. સાથે સાથે ભારતીય પરંપરાઓ આપી આજે એ બધી જ પરંપરાઓને વિજ્ઞાન સાથે સંબધ છે. એમાંની એક પરંપરા બહેન ભાઈને રાખડી બાંધે એ રક્ષાબંધનની છે. આ પરંપરા ઋષિમુનિઓએ ફક્ત આપણા પોતાના ઘર સુધી જ સીમિત રાખવાનું નહોતુ કહ્યું. બધા જ હિન્દુ ભાઈ ભાઈ છે તો બહેનો સંકલ્પ કરે કે આવતી રક્ષાબંધન વખતે નાત જાતનો ભેદભાવ ભૂલીને હુ મારા ભાઈ સાથે બીજા બે ભાઈઓને રાખડી બાંધીશ અને મારા પરિવારમાં બીજા બે પરિવારોને જોડીશ. દેશ માટે જેને પણ કઇ કરવાની તમન્ના છે એમને સૌથી પહેલા થઇ શકે એવું કામ આ છે. હિન્દુ ધર્મ સિવાયના લોકો એક જ જગ્યાએ કોઇ પણ જાતના ભેદભાવ વગર જો ભેગા થઇ શકતા હોય તો હિન્દુ ધર્મના બધા જ લોકો પણ કોઇ પણ જાતના ભેદભાવ વગર ભેગા થશે દઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# મોડાસાના ડીપ વિસ્તારમાં લીમડાનું મહાકાય વૃક્ષ ધરાશાયી થતા ભારે અફડાતફડી

### બે વીજપોલ અને ડીપીને નુકશાન, રોડ બંધ

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં વહેલી સવારથી જ સુસવાટાભર્યા પવન સાથે પવનની તેજ ગતિ વચ્ચે મોડાસા શહેરના ડીપ વિસ્તારમાં સરસ્વતી બાલમંદિર નજીક અચાનક મહાકાય લીમડાનું વૃક્ષ ધરાશાયી થતા ભારે અફડાતફડી મચી હતી. વૃક્ષ ધરાશાયી થતા એક રાહદારી મહિલાના શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. સદનસીબે રવિવાર હોવાથી સતત રાહદારીઓ અને વાહનોથી ધમધમતા રોડ પર જાનહાની ટળી હતી. વૃક્ષ ધરાશયી થતા બે વીજપોલ અને વીજડીપીને નુકશાન થતા વીજપુરવઠો ખોરવાયો હતો. રવિવારે સવારે મોડાસાના ડીપ વિસ્તારમાં લીમડાનું મહાકાય ઝાડ ધડાકાભેર અવાજ સાથે કકડભૂસ થઈ જમીનદોસ્ત થતા ભારે અફડાતફડી મચી નજીકમાં આવેલ કોમ્પ્લેક્ષના દુકાનદારો ગભરાટના માર્યા દુકાન બહાર દોડી આવ્યા હતા. વૃક્ષ ધરાશાયી થતા નજીકમાં રહેલી વીજડીપી અને બે વીજપોલ તૂટી જતા વીજપુરવઠો ખોરવાયો હતો. વૃક્ષ ધરાશાયી થતા ડીપથી સાર્વજનિક હોસ્પિટલનો રોડ બંધ થઈ ગયો હતો નગરપાલિકા ફાયરબ્રિગેડની ટીમ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ધરાશાયી ઝાડને રસ્તા પરથી દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. વીજતંત્ર ઘટનાસ્થળે પહોંચી સમારકામ હાથ ધરી વીજપુરવઠો પૂર્વરત કરવા કામગીરી આદરી દીધી હતી.



### મોડાસામાં વીજ પુરવઠો બંધ રહેતા તંત્ર પર ફિટકાર વરસાવ્યો

મોડાસાના સરસ્વતી બાલમંદિર સામે એકાએક વૃક્ષ ધારાશયી થતા કેટલીક વિજલાઇનોને નુકસાન થયેલ આ પછી યુજીવીસીએલ તંત્રના અણઆવડતના કારણે બસ સ્ટેન્ડથી સમગ્ર નગરના ગામના વિસ્તારોમાં વીજ પુરવઠો કાપી નખાતા કલાકોના કલાકો સુધી લાઈટ ન હોવાને કારણે હાલમાં ચાલતા લગ્નોમા તથા હોસ્પિટલોમાં ઓપરેશનો અટવાયા હતા. કોમર્શિયલ વિસ્તારોમાં લોકોના ધંધા રોજગાર બંધ થવા પામેલ. યુજીવીસીએલની અણ આવડતને કારણે તે વિસ્તાર પૂરતી લાઈન બંધ કરી બાકીની લાઈનો ચાલુ કરી શકતા હતા પરંતુ તેમ ના કરતા બધી લાઈનો બંધ કરી દેવાતા લોકો હેરાન-પરેશાન થયેલી જેની અસર ધંધા-રોજગાર પડવા પર લાગેલ. યુજીવીસીએલની અણ આવડત પર સમગ્ર નગરમાંથી લોકોએ ફિટકાર વરસાવ્યો હતો.

# શામળાજી નજીક રોડ પર દોડતી ફોર્ડ ફિયેસ્ટા કારમાં આગ લાગતા બળીને ખાખ

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શામળાજી નજીક પસાર થતી કારમાં અચાનક આગ લાગતા ભારે અફડાતફડી મચી



હતી. કારમાં સવાર કારચાલક અને તેના પરિવારજનો સમય સુચકતા વાપરી કારમાંથી ઉતરી જતા આબાદ બચાવ થયો હતો. કાર થોડીકજ ક્ષણોમાં સ્વાહા થઈ હતી. કારમાં આગ લાગતા બંને તરફ વાહનોની લાંબી કતાર જામી હતી. કારમાં આગ લાગતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ટેન્કર વડે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવાનો નિષ્ફ્ળ પ્રયાસ કર્યો હતો.

મોડાસામાં રહેતા રમેશભાઈ સોની ફોર્ડ ફિયેસ્ટા કારમાં તેમના પરિવાર સાથે મહાસુદ પૂનમે ટોરડા સ્વામિનારાયણ મંદિરમાં દર્શનાર્થે જઈ શામળાજી મંદિરમાં દર્શન કરી કારમાં પરત ફરી રહ્યા હતા ત્યારે શામળાજીના શ્યામાલવન પાસે અગમ્ય કારણોસર રોડ પર સડસડાટ દોડતી કારમાં આગ લાગતા રમેશભાઈ સોની અને તેમનો પરિવાર કાર રોડ પર ઉભી રાખી ત્વરિત નીચે ઉતરી જતા કારચાલક સહીત ૪ લોકોનો આબાદ બચાવ થતા જાનહાની ટળી હતી. કારમાં આગ લાગતા થોડીકજ મિનિટોમાં આગમાં કાર સ્વાહા થઈ ગઈ હતી. કારમાં આગ લાગતા ભારે અફડાતફડી મચી હતી બંને બાજુ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

# શ્રી ચોર્યાસી કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળનો સમુહ લગ્નોત્સવ

મહેસાણા, તા. ૯

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ મહેસાણા જિલ્લામાં યોજાતા વિવિધ સમુહ લગ્નોત્સવમાં હાજરી આપી નવદંપત્તિઓને આશિર્વાદ આપતાં જણાવ્યું હતું કે સમુહ લગ્ન થકી સમાજ વ્યવસ્થામાં આજે પરિવર્તન આવ્યું છે. દાતાઓ પણ આ પ્રકારના સંગઠીત સમાજમાં દાન આપી સમાજનું ઋણ અદા કરતા હોય છે. તેમણે ઉમેર્યું હતું કે આજે વિવિધ સમાજો સંગઠીત બની આ પ્રકારના સમાજિક કાર્યોમાં જોડાઈને સુરક્ષા, વિકાસ, ગૌરવ અને પ્રતિષ્ઠા આપી રહ્યા છે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં રાષ્ટ્ર પ્રગતિ કરી રહ્યો છે. આજે વિવિધ સમાજો પણ સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ સાથે રાષ્ટ્ર નિર્માણમાં સહયોગ આપી રહ્યા છે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે સમાજમાં સંગઠીતા, એકતા અને દાતાઓના દાન માટે સમુહ લગ્ન જરૂરી માધ્યમ બન્યું છે. સમાજમાં સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક વિકાસ માટે વિવિધ સમાજો દ્વારા પગલા લેવાઈ રહ્યા છે. તેમણે વધુમા જણાવ્યું હતું કે રાજ્યનો દરેક સમાજ પ્રગતિ કરી રાષ્ટ્ર વિકાસમાં સહભાગી બની રહ્યો છે.

